# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે ખરીફ ઋતુ પૂર્વે પાક પરિસંવાદ યોજાયો

આજ રોજ તા. ૧૪/૦૬/૨૦૨૪ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ ખાતે મા. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના પ્રેરક માર્ગદર્શન હેઠળ અમદાવાદ જીલ્લાના ખેડૂતો માટે ખરીફ ઋતુ પૂર્વેનો ખેડૂત-વૈજ્ઞાનિક પાક પરિસંવાદ યોજાયો. આ પરિસંવાદમાં અમદાવાદ જીલ્લાના મુખ્ય ખરીફ પાકોની વાવણી અંગે મુંઝવતા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. કે. ડી. ગુલકરી દ્વારા કરવામાં આવી. ડૉ. ગુલકરી દ્વારા ખરીફ પાકોમાં જમીન ચકાસણી, ખાતરોનો અર્થક્ષમ વપરાશ અને વિવિધ તબક્કે માવજાત અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી. ડૉ. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સરક્ષણ) દ્વારા ખરીફ પાકોમાં આવતા વિવિધ રોગ અને જીવાતોના નિયંત્રણ માટે ટ્રાયકોડર્માં, યેલો સ્ટીકી ટ્રેપ તેમજ ફેરોમોન ટ્રેપનો વપરાશ વધારવા અંગે માર્ગદર્શન આપ્યું. ડૉ. ડી. જે. રંગપરા, વૈજ્ઞાનિક (કૃષિ ઈજનેરી) દ્વારા ખરીફ પાકોમાં નેનો યુરીયા, નેનો ડીએપી નો વપરાશ વધારવા અને ડ્રોન દ્વારા છંટકાવ કરવા ડ્રોન ખરીદી માટેની યોજનાનો વધુમાં વધુ લાભ લેવા આગ્રહ કરવામાં આવ્યો. સદર પરિસંવાદમાં અમદાવાદ જીલ્લાના કુલ ૧૪૫ ખેડૂત ભાઇ-બહેનોએ ભાગ લઇ માર્ગદર્શન મેળવ્યું.





